રાજ્યની બિન સરકારી અનુદાનિત માધ્યમિક
અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ફીનું ધોરણ
સુધારવા બાબત.

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
ઠરાવ ક્રમાંક : બમશ/૧૧૧૭/૧૦૭૪/ગ
સચિવાલય, ગાંધીનગર.
તારીખ : ૧૪.૭.૨૦૧૭

વંચાણે લીધા:-

(૧) શિક્ષણ વિભાગનો તારીખ ૦૨-૦૭-૧૯૯૯નો ઠરાવ ક્રમાંક : બમશ/૧૧૯૯/૭૪૧ (૪)/ગ.

(૨) કમિશ્નરશ્રી, શાળાઓની કચેરી, ગાંધીનગરનો તારીખ ૧૫-૦૩-૨૦૧૭નો પત્ર ક્રમાંક : અનદ.૧/ધ/૨૦૧૭/૪૧.

શિક્ષણ વિભાગના સંદર્ભ (૧)માં જણાવેલ ઠરાવથી રાજ્યની ગ્રાન્ટવાળી બિનસરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને મળતાં મકાન ભાડાં અને ઇતર ખર્ચની ગ્રાન્ટના વિકલ્પે નીચે જણાવેલ ફી લઇ શકે તે માટે તેઓને વિકલ્પ આપવાનું ઠરાવવામાં આવેલ હતું.

| ક્રમ | વિગત | ધોરણ-૮ | ધોરણ-૯ | ધોરણ-૧૦ | ધોરણ-૧૧ | ધોરણ-૧૨ |
|---|---|---|---|---|---|---|
| ૧ | નિભાવ ફી (માસિક) | ₹ ૩૫ | ₹ ૪૦ | ₹ ૪૫ | ₹ ૫૦ | ₹ ૬૦ |
| ૨ | પ્રયોગશાળા ફી સત્રદીઠ(વિજ્ઞાન પ્રવાહ) | -- | -- | -- | ₹ ૪૦ | ₹ ૫૦ |

સરકારશ્રી દ્વારા અગાઉ ચુકવાતી માસિક નિભાવ ગ્રાન્ટમાં સુધારો કરવામાં આવેલ હતો. પરંતુ, વર્ગદીઠ ગ્રાન્ટની અવેજીમાં ફી વિકલ્પ લેતી શાળાઓના ફીના ધોરણોમાં વધારો કરવામાં આવેલ ન હોઇ, વર્તમાન મોંઘવારીને ધ્યાને લઇ તેનાં પ્રમાણમાં ફીના ધોરણોમાં સુધારો કરવા માટે કમિશનરશ્રી, શાળાઓની કચેરી ખાતે તારીખ ૫.૧૦.૨૦૧૬ના રોજ મળેલ કમિટીએ ફી વધારા અંગે કરેલ ભલામણને આધારે સંદર્ભ (૧) હેઠળના તારીખ ૨.૭.૧૯૯૯ના ઠરાવથી નિયત કરવામાં આવેલ ફી ના ધોરણોમાં પ્રવર્તમાન મોંઘવારીમાં થયેલ વધારાના પ્રમાણમાં સુધારો કરવા દરખાસ્ત કરેલ છે. સરકારનાં અનુદાનથી ચાલતી બિનસરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાને અપાતી વર્ગદીઠ ગ્રાન્ટની અવેજીમાં ફી વિકલ્પ લેતી શાળાઓના ફીના ધોરણો સુધારવાની બાબત સરકારની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:

પુખ્ત વિચારણાને અંતે બિન સરકારી ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ દ્વારા તેઓને મળતા મકાન ભાડ અને ઇતર ખર્ચના વિકલ્પે લેવામાં આવતી ફી ના ધોરણોમાં નીચે મુજબનો સુધારો કરવાની આથી સરકારશ્રીની મંજુરી આપવામાં આવે છે.

| ક્રમ | ધોરણ | તારીખ ૨.૭.૧૯૯૯ના ઠરાવ અનુસાર નિયત થયેલ વિદ્યાર્થીદીઠ ફીનું ધોરણ (માસિક) | ફીના નવા દર |
|---|---|---|---|
| (૧) | (૨) | (3) | (૪) |
| ૧ | ૯ | ₹ ૪૦.00 | ₹ ૬૦.00 |

| | | | |
|---|---|---|---|
| ૨ | ૧૦ | ₹ ૪૫.૦૦ | ₹ ૭૦.૦૦ |
| ૩ | ૧૧ | ₹ ૫૦.૦૦ | ₹ ૮૦.૦૦ |
| ૪ | ૧૨ | ₹ ૬૦.૦૦ | ₹ ૯૫.૦૦ |

| પ્રયોગશાળા (સત્રદીઠ) ફીના નવા દર | | | |
|---|---|---|---|
| ક્રમ | ધોરણ | તારીખ ૨.૭.૧૯૯૯ના ઠરાવ અનુસાર નિયત થયેલ વિદ્યાર્થીદીઠ ફીનું ધોરણ (માસિક) | પ્રયોગશાળા (સત્રદીઠ) ફી ના નવા દર |
| ૧ | ૧૧ | ₹ ૪૦.૦૦ | ₹ ૬૫.૦૦ |
| ૨ | ૧૨ | ₹ ૫૦.૦૦ | ₹ ૮૦.૦૦ |

આ વિભાગના સંદર્ભ (૧) હેઠળના તારીખ ૨.૭.૧૯૯૯ના ઠરાવની અન્ય શરતો અને બોલીઓ યથાવત રહેશે. આ ઠરાવનો અમલ વર્ષ ૨૦૧૭-૧૮ના શૈક્ષણિક સત્રથી કરવામાં આવશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(મહેશ ભટ્ટ)
સેકશન અધિકારી
શિક્ષણ વિભાગ.

પ્રતિ,

- માન.રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.(પત્રથી)
- માન.મુખ્યમંત્રીશ્રીના રહસ્ય સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી (શિક્ષણ), સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, (શાળાઓ)ની કચેરી, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.
- તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ (નિયામકશ્રી શાળાઓ મારફતે)
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ, ગાંધીનગર.
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર, અમદાવાદ.
- તમામ તિજોરી અધિકારીશ્રીઓ (નિયામકશ્રી, શાળાઓ મારફતે)
- સિસ્ટમ મેનેજરશ્રી, કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ આ ઠરાવ ઓનલાઇન અપલોડ કરવા સારૂ.
- નાયબ સેકશન અધિકારી.
- સિલેક્ટ ફાઈલ.